**અમદાવાદ(રૂરલ)ના મહે.૮મા એડી.જયુડી.મેજી.ફ.ક સાહેબશ્રીની કોર્ટમાં,મુ.અમદાવાદ**

**ક્રિમીનલ કેસ નં.૩૧૯૩/૧૭**

**-:આંક-૧ લગત હુકમ :-**

આજ રોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીસના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામા આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સતામંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

આ કામે આરોપી સામે ધી પ્રોહી કલમ ૬૬(૧)બી, ૮૫(૧)(૩) મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્રારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે અને મારા પ્રિસાઈડીંગ ઓફીસર દવારા સદર ગુન્હાનું સંજ્ઞાન લેવામાં આવેલ છે. સદરહુ ચાર્જશીટ જોતા આરોપી ચોકકસ સમય અને ચોકકસ જગ્યાએ જાહેરમા પાસપરમીટ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમા મળી આવેલ છે. પરંતુ કલમ ૮૫(૧) મુજબના શીક્ષાપાત્ર ગુન્હાના મુખ્ય તત્વો સાર્વજનીક સ્થળમા છાટકો બનેલ હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય,કોઈ વ્યકતી સાથે ઝઘડો કરતો હોય,અપશબ્દ વાળી અથવા અશીષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય,બીજા સાથે મારામારી કરતો હોય,કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતો હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાતી નથી.આમ,ચાર્જશીટ તથા તેની સાથેના નીવેદનો તથા અન્ય દસ્તાવેજો વંચાણે લેતા ૮૫(૧) મુજબનો ગુન્હો પ્રથમ દર્શનીય રીતે બનતો ન હોવાનુ જણાય આવતુ હોય આરોપીને કલમ ૮૫(૧) માંથી ડિસચાર્જ કરવામાં આવે છે.

સદર કામે આરોપી સામે વારંવાર સમન્સ/વોરંટ કરવા છતા બજવણી થતી નથી અને આરોપી સામેનો કેસ ઘણો જુનો છે અને આરોપીને વોરંટ પર લાંબા સમયથી મુલતવી રહેતો આવેલ છે અને આરોપી સામે કાઢેલ પ્રોસેસ પણ બજે કે વગર બજે કે નવા સરનામા મેળવી પોલીસ બજવણી તરફથી પરત ફરેલા નથી. કે પોલીસ બજવણી અધીકારી પ્રોસેસ ની રુએ આરોપી ને હાજર કરી શકેલા નથી અને આરોપી ને વોરંટ બજી પકડી આવેલા નથી અને કેસ નિષ્ક્રિય બની રહેલ છે. અને કેસનુ રેકડ જોતા પણ આરોપીની હાજરી મળી આવે તેમ જણાતી નથી અને સરકાર પક્ષે પણ આરોપીની હાજરી કેસમા ઉપ્લબ્ધ કરાવવા કોઈ અરજી/રીપોટ/રજુઆત નથી. જેથી આરોપીને વારંવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરવા છતા આરોપીની હાજરી ઉપ્લબ્ધ થઈ શકે તેમ જણાતુ નથી અને કેસની ન્યાયીક કાર્યવાહી લંબાયા સીવાય અન્ય કોઈ હેતુ સરતો નથી. આથી આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને વધુ તકો આપવી ઉચીત જણાતી નથી.

**<u>પી.રામચંદ વિ. કર્ણાટક રાજય ૨૦૦૨(૨)જી.એલ.આર. પાના નં.૧૫૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલનામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં સિંધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, "The Criminal Courtshould exercise their available powers such as those under section 309,311,258 of the Code of Criminal Procedure,1973 to effectuate the rightto speedy trial"</u>**

આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નંબર ૨૯૧૭/૨૦૦૬ તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલછે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રાખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્યકિસ્સામાં સી.આર.પી.સી. કલમ ૨૫૮ અન્વયે મળેલ સતાઓનો ઉપયોગ કરે. આમ ઉપરોકત હકીકતોધ્યાને રાખી સદર કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય જેથી પોલીસતંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવામાં નિષ્ફળ નીવડેલ હોય અને હવે વધુ સમય આરોપીને હાજરકરાવવા પોલીસ તંત્રને વધુ સમય આપવો ઉચીત જણાતો ન હોય. જેથી ક્રિમીનલ પ્રો.કોડની કલમ-૨૫૮ ધ્યાને લઈ હાલની કેસની કાર્યવાહી સ્થગીત કરવું ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબ હુકમ ફરમાવવામા આવે છે.

**-: હુકમ :-**

૧). આથી ચાર્જશીટ પરના હાલના કેસના આરોપીને પ્રોહી. કલમ ૮૫ (૧) માં ડીસચાર્જ કરવામાં આવે છે. તથા પ્રોહી. કલમ ૬૬(૧)(બી) મા ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ની કલમ ૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામા આવે છે. વધુમા પોલીસ આરોપીને શોધખોળ કરી મળી આવે તો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૦૦(૫) અન્વયે ફરી ચાર્જશીટ કરી શકશે.

૨). આરોપીનો જાત મુચરકો તથા જામીનખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ જપ્ત કરી સરકાર ખાલસા કરવામાં આવે છે.

૩). આ કામે કબ્જે લીધેલ મુદદામાલ અંગે જો વચગાળાનો કોઈ હુકમ કરેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે. અને અન્ય બીન કીમતી મુદદામાલ કે કિંમતી મુદદામાલ નો અપીલ સમય વીતે ક્રિમીનલ મેન્યુઅલ ની જોગવાઈ મુજબ નિયમઅનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૧૦/૦૭/૨૦૨૧

**(કુ.એસ.એન.ફાળકી)**
આઠમાં એડી. જયુ. મેજી. ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.